**કૃપાકરી પ્રસિધ્ધી માટે -** **૫ ઓકટોબર ૨૦૦૯**

## ભારતીય જનતા પક્ષ ના નેતા અને માજી કેંદ્રીય પ્રધાન શ્રી રામ નાઈકે સોમવાર, ૫ ઓકટોબર ૨૦૦૯ નાં મુંબઈ ખાતે પત્રકાર પરિષદ માં વિતરીત કરેલ નિવેદન

## મોંઘવારી જ કોંગ્રેસ સરકારનો પરાભવ કરશે : રામ નાઈક

**મુંબઈ,સોમવાર :** કેંદ્ર સરકાર પર અંકુશ મુકી મહારાષ્ટ્ર માટે જનહિતનાં નિર્ણયો લાગૂ કરવા મહારાષ્ટ્રનું ભવિષ્ય ભાજપ - શિવસેના ને હાથે જ સોંપવું જોઈએ તેવી જાણ જનતા ને થઈ ગયેલ છે.આ મુજબનું પ્રતિપાદન ભાજપ નેતા અને માજી કેંદ્રિય પ્રધાન શ્રી રામ નાઈકે કરેલ છે.મહારાષ્ટ્રમાંની વિધાનસભાની ચૂંટણી ની પાર્શ્વભૂમી પર ભારતીય જનતા પક્ષ મુંબઈની વતી આયોજીત પત્રકાર પરિષદ માં શ્રી રામ નાઈક બોલી રહ્યાં હતાં.

**વધતી મોંઘવારી :**

વિધાનસભા ચૂંટણીમાં નો સહુથી વધુ મહત્વનો મુદ્દો વધતી મોંઘવારી નો ભસ્માસૂર જ છે. દિવાળી આવીને ઉભી છે પણ સામાન્ય માણસ કરીદી કરવા જવાની હિંમત કરી શકતો નથી આજે એવી પરિસ્થિતી છે. આ મોંઘવારી પર કાબૂ કરવાનું કામ ભાજપ-શિવસેના ની સરકાર પ્રભાવીપણે કરશે. ઘઉ, ચોખા, તેલ, સાકર અને તુવરની દાળ ના ભાવ આવનારાં પાંચ વર્ષ માટે સ્થિર રાખવામાં આવશે એમ કહી પાછલાં પાંચ વર્ષમાં વાજપેયી સરકારની તુલનાએ જીવનાવશ્યક વસ્તુઓના ભાવ કેમ વધ્યા તેની સૂચી જ શ્રી રામ નાઈકે પ્રસિધ્ધ કરી. તે સૂચી મુજબ મે ૨૦૦૪ માં ઘઉં ૯ રૂપિયે કિલો હતાં તે હવે રૂ.૧૮ (૧૦૦ ટકા), ચોખા ૧૦ રૂપિયે થી વધી રૂ.૩૪ પર (૧૪૨ ટકા નો વધારો), સાકર ૧૪ રૂપિયે થી રૂ.૪૨ પર (૨૦૦ ટકા નો વધારો) ગોળ ૧૪ રૂપિયે થી રૂ.૪૨ પર (૨૦૦ ટકા નો વધારો), તુવર ની દાળ ૩૦ રૂપિયે થી રૂ.૯૦ (૨૦૦ ટકા નો વધારો),મીઠું તેલ ૪૦ રૂપિયે થી વધી રૂ.૮૮ પર (૧૨૦ ટકા) બટેટા ૮ રૂપિયે થી વધી રૂ.૨૦ (૧૫૦ ટકા) અને કાંદા ૬ રૂપિયે થી વધી રૂ. ૨૦ (૨૩૩ ટકા) વધ્યાનું સ્પષ્ટ થયેલ છે. મોંઘવારી ને કારણે સંતપ્ત થયેલી જનતા કોંગ્રેસ નેતૃત્વ સરકાર નો પરાભવ કરશે તેવો વિશ્વાસ શ્રી રામ નાઈકે વ્યકત કરેલ છે.

**ઉપનગરીય રેલ્વે :**

દેશ ની આર્થિક રાજધાની તેવાં મુંબઈગરાં ની રોજબરોજનાં પ્રવાસીઓની હાલાકી પર કેંદ્ર સરકાર તો કાઢિ શકે. પણ નતો કેંદ્ર સરકાર ને મુંબઈ ને ફિકર છે કે ન તો રાજય માંની આઘાડી સરકારને ચિંતા છે. આ પરિસ્થિતી ભાજપ-શિવસેનાની સરકાર બદલશે તેવી ખાત્રી આપી શ્રી રામ નાઈકે કહ્યું કે " ખરું જોતાં રેલ્વે એ મુંબઈ ની જીવનરેખા જ છે ! પણ પ્રચંડ ગીર્દી માંથી રોજ પ્રવાસ ખેડનારાં ૬૫ લાખ પ્રવાસીઓને પાછલાં પાંચ વર્ષો માં કોઈ પણ જાતની રાહત કેંદ્ર સરકારે આપેલ નથી.વાજપેયી સરકારે હાથ ધરેલાં પ્રકલ્પો પણ રખડાવ્યાં.મુંબઈનાં ઉપનગરીય રેલ્વે પ્રવાસીઓની દશા સુધારવા એમયુટીપી - ૧ ના અંતર્ગત રૂ.૪,૫૦૦ કરોડ ના પ્રકલ્પ કેંદ્રમાંની ભાજપ સરકારે મુંબઈ રેલ્વે વિકાસ મહામંડળ દ્વારા ફાળવ્યાં.રાજય સરકારને આ પ્રકલ્પ ની અમલબજાવણી કરવી સાવ સરળ હતી, કારણ મુંબઈ રેલ્વે વિકાસ મહામંડળ એ ભારતીય રેલ્વે અને મહારાષ્ટ્ર સરકાર ની ૫૦-૫૦ ટકા ભાગીદારી માં સ્થાપન કરવામાં આવેલ છે.પરંતુ રાજયમાંની કોંગ્રેસ નેતૃત્વ વાળી સરકારે આ પ્રકલ્પોની અમલબજાવણી થાય છે કે નહીં એ તરફ નજર સુધ્ધાં નથી કરી."ભાજપ-શિવસેના યુતી ની સરકાર મુંબઈગરાં માટે મુંબઈ રેલ્વે વિકાસ મહામંડળની સર્વ યોજના તત્કાળ પૂર્ણ કરવાને અગ્રતાક્રમ આપશે, તેવું પ્રતિપાદન શ્રી રામ નાઈકે કર્યુ હતું. એમયુટીપી -૧ અને રૂ.૫,૩૦૦ કરોડ નો એમયુટીપી -૨ આ બંન્ને યોજના ને અમે પ્રાધાન્ય આપીશું તેમ પણ શ્રી રામ નાઈકે કહ્યું હતું.

..૨..

**મેટ્રો રેલ્વે :**
મેટ્રો રેલ્વે પ્રકલ્પમાંની ગેરરીતીઓ બાબતે શ્રી રામનાઈક રાજય સરકારને પણ દોષી માને છે.મેટ્રો રેલ્વે રાજય સરકાર ના અખત્યારમાં આવતી હોઈ મેટ્રો રેલ્વે નો પ્રકલ્પ શરૂ કરતાં પહેલાંજ જનતાનાં હિતમાં પુનર્વસન ધોરણ નકકી કરવાનું આવશ્યક હોવા છતાંયે કોંગ્રેસ - રાષ્ટ્રવાદી ની રાજય સરકારે તે કર્યું નહીં આ બાબતે તીવ્ર નારાજગી વ્યકત કરી શ્રી રામ નાઈકે કહ્યું કે, : " યુતી ની સરકાર સર્વપ્રથમ પુનર્વસન ધોરણ નકકી કરશે અને પછીજ મેટ્રો રેલ્વે પ્રકલ્પ શીઘ્રગતીએ કેમ પૂર્ણ થાય તે તરફ પણ ધ્યાન આપશે.વર્સોવા-ઘાટકોપર મેટ્રો રેલ્વે નું રખડેલ કામ પ્રાધાન્યતા આપી પૂર્ણ કરીશું, તેમજ ચારકોપ - વાંદ્રા - માનખુર્દ મેટ્રો માર્ગ નું મા.રાષટ્રપતી પ્રતિભા પાટીલે પોતે ભૂમિપૂજન કરીને પણ હજૂ સૂધી કામ કેમ શરૂ થયેલ નથી તેનીય તપાસ કરીશું," માત્ર ચારકોપ નો પ્રસ્તાવિત કારશેડ દૂર ખસેડયા સિવાય અમે આ માર્ગનું કામ શરૂ કરવા દઈશું નહીં તેમ પણ શ્રી રામ નાઈકે ઉચ્ચાર્યું હતું.

**વન જમીન** :
પશ્ચિમ અને પૂર્વ ઉપનગર માં સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાન ને અડીને તથાકથિત વનભુમી પર રહેનારાં લાખો નાગરિકો છે.આજમીનો પર જેમ ઝુપડપટ્ટીઓ ઉભી થઈ, તેમજ કોંગ્રેસ સરકારનાં બોગસ કારભારને કારણે આખી જીંદગીની પૂંજી ખર્ચી ,સર્વ શાસકીય શરતો પૂરી કરી ફ્લેટ ખરીદનારાં બિલડિંગો માં રહેનારાં પણ હજારો કુટુંબો છે.આમાંના કોઈની પણ બેઘર થવાની નોબત ભાજપ-શિવસેના સરકાર આવવા દેશે નહીં, તેમાટે સર્વોચ્ચ ન્યાયાલયમાં મહારાષ્ટ્ર સરકારની ભૂમિકા સફળતાપૂર્વક રજૂ કરી કાયદામાં આવશ્યક તેવો ફેરબદલ કરવામાં આવશે, તેમ પણ શ્રી રામ નાઈકે કહ્યું હતું.

**મહાનગર ગેસ :**
વાજપેયી સરકારના કાર્યકાળમાં શ્રી રામ નાઈક પાસે પેટ્રોલિયમ પ્રધાન નું પદ હતું.તેવેળાં લાખો પરિવારોને મહાનગર ગેસ ની ઓછા ખર્ચની અને વધુ સુરક્ષિત પાઈપ ગેસ નાં જાડાણો આપવામાં આવ્યાં.મહાનગર ગેસમાં પણ મહારાષ્ટ્ર સરકાર નો સહભાગ છે.આખાય મુંબઇમાં આ પાઈપ ગેસની જાળ બીછાવવી તે માટે રાજય સરકારે આગ્રહી ભુમિકા અખત્યાર કરવી જોઈતી હતી. વિદ્યમાન પેટ્રોલિયમ પ્રધાન શ્રી મુરલી દેવરા મુંબઇગરાં હોવા છતાંયે છેલ્લાં પાંચ વર્ષમાં નવાં ગેસ જોડાણનું કાર્ય મંદગતી પર આવ્યું.સર્વ નાગરિકોને વહેલામાં વહેલી તકે પાઈપ ગેસ મળે, બબ્બે વર્ષ પૈસા ભરી રાહ જોનારાં ને તો તાત્કાલીક પાઈપ ગેસ મળે તે માટે ભાજપ-શિવસેના ની સરકાર આગ્રહી ભુમિકા લેશે,તેમ પણ શ્રી રામ નાઈકે કહ્યું હતું.

**(વિવેકાનંદ ગુપ્તા)**
**પ્રસિધ્ધી પ્રમુખ**
**9869233624**

**વિશેષ : ભાવવધારનું તુલનાત્મક પત્રક સાથે બિડેલ છે.**

# કોંગ્રેસનો હાથ મોંઘવારીને સાથ

## જીવનાવશ્યક વસ્તૂઓનાં વધતાં ભાવો

## (બધાંજ ભાવ મુંબઈની દુકાનોનાં છે - સંકલક શ્રી રામ નાઈક)

| વસ્તુ | ભાજપ સરકારના કાર્યકાળના ભાવો ( રૂ. પ્રતિકીલો) મે 2004 | કોંગ્રેસ સરકારના કાર્યકાળના ભાવો (રૂ. પ્રતિકીલો) 1 ઓકટોબર 2009 | ભાવ વધારો ટકામાં |
|---|---|---|---|
| ઘઉં | 9 | 18 | 100 % |
| ચોખા | 10 | 24 | 140 % |
| સાકર | 14 | 34 | 142 % |
| ચાની ભૂકી | 80 | 200 | 150 % |
| ખાદ્ય તેલ | 40 (પ્રતિલિટર) | 88 (પ્રતિલિટર) | 120 % |
| ડાલડા | 40 | 60 | 50 % |
| તૂર દાલ | 30 | 90 | 200 % |
| મગની દાળ | 24 | 68 | 183 % |
| મસૂરની દાળ | 22 | 68 | 209 % |
| ચણાની દાળ | 25 | 45 | 80 % |
| ગોળ | 14 | 42 | 200 % |
| ચણાનો લોટ | 20 | 45 | 125 % |
| બટેટા | 8 | 20 | 150 % |
| કાંદા | 6 | 20 | 233 % |
| ટામેટા | 9 | 12 | 33 % |
| દૂધ | 14(પ્રતિલિટર) | 25 (પ્રતિલિટર) | 78 % |
| ઘાસલેટ | 18 (પ્રતિલિટર) | 35 (પ્રતિલિટર) | 94 % |
| રાંધણ ગેસ | 244(પ્રતિસિલિંડર) | 314 (પ્રતિસિલિંડર) | 29 % |
| પાઇપ ગેસ | 11.53 (પ્રતિ એસસીએમ) | 13.60 (પ્રતિ એસસીએમ) | 18 % |
| પેટ્રોલ | 33.15 (પ્રતિલિટર) | 48.78 (પ્રતિલિટર) | 47 % |
| ડિઝલ | 22.50 (પ્રતિલિટર) | 36.74 (પ્રતિલિટર) | 63 % |
| સીએનજી | 19.71(પ્રતિકિલો) | 24 .65 (પ્રતિકિલો) | 25 % |

**મોંઘવારી એટલી વધી હોવા છતાં સરકારના મોંઘવારી નિર્દેશાંકમાં ફકત ઘટ બતાડી હોઈ તે ફકત (-)૦.૮૩ છે. તેનું કારણ ગ્રાહક મૂલ્ય નિર્દેશાંક કાઢવાની પૂર્વેની પધ્ધતી બંધ કરી હવે હોલસેલ ભાવ ને આધારે કાઢવાની કોંગ્રેસ સરકારે શરૂઆત કરેલ છે. આથી દેશની આર્થિક સ્થિતી નું ખોટું ચિત્ર બતાડવામાં આવે છે. પ્રત્યક્ષે મોંઘવારી વધી રહી હોવાને કારણે સરકારી કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું પણ સરકારે વધારેલ છે. મોંઘવારી ની સાથે - સાથે દેશમાં મંદી નું મોજૂં પણ ફરી વળ્યું છે. આટલી હાડમારી ઓછી હતી કે હવે દુકાળ નો ય સામનો કરવો પડશે તેવાં ચિન્હો દેખાઈ રહ્યાં છે. કોંગ્રેસ સરકાર સાવ સુસ્ત અને સંવેદનાહીન બની ગઈ છે. મોંઘવારી વધારનાર આ સરકારની હવે હકાલપટ્ટી જ કરવી જોઈએ.**